ગાંધીનગર સમાચાર

શહેરમાં 'ગ' અને 'ખ' માર્ગ પર ફુટપાથની બાકી કામગીરી પુર્ણ કરવામાં આવશે

# આજે જિલ્લા પંચાયતની બજેટ બેઠક મળશે

**વ્યસનમુક્તિ માટે બજેટમાં ખાસ જોગવાઈ; સભ્યોને વિસ્તાર વિકાસ માટે અપાતી ગ્રાન્ટમાં કાપના સંકેતો; પુરાંતલક્ષી બજેટ રજુ કરી જિલ્લામાં સંતુલિત વિકાસને અગ્રતા અપાશે**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની આજે મળનાર સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૬-૧૭નું પંચાયતના નવા વરાયેલા પ્રમુખ શ્રી રામાજી ઠાકોર તેમનું પ્રથમ અંદાજપત્ર રજુ કરશે.

બપોરે ૩ વાગે પંચાયતના સરદાર હોલમાં મળનારી આ સામાન્ય સભામાં પોતાનું પ્રથમ બજેટ પુરાંત વાળુ રજુ કરશે. શ્રી રામાજી ઠાકોરે સત્તાના સૂત્રો સંભાળ્યા બાદ તેમણે પોતાનું ધ્યાન અંદાજપત્ર તૈયાર કરવામાં કેન્દ્રીત કર્યું હતું. જિલ્લામાં બક્ષીપંચની વસ્તી વધુ હોવાથી વ્યસનમુક્તિ અભિયાન માટે તેમણે અંદાજપત્રમાં ખાસ જોગવાઈ કરી છે.

પંચાયતની સમિતિઓના ચેરમેનોની નિયુક્તીમાં થયેલા બળવા પછી આ પ્રથમ સામાન્ય સભા મળી રહી હોવાથી પંચાયતમાં રાજકીય ઉત્તેજનાઓ સવાર થયેલી છે. જો કે કોંગ્રેસના આગેવાનો આ બેઠકમાં બજેટ શાંતિથી પસાર થશે તેમ માની રહ્યા છે.

ભાજપે બળવા થકી સત્તા સંભાળ્યા બાદ કોંગ્રેસે સામાન્ય ચૂંટણીમાં પુનઃ સત્તા મેળવી છે અને આ વખતના અંદાજપત્રમાં શિક્ષણ, કૃષિ, આરોગ્ય તેમજ જાહેરાત માટે સારી એવી ફાળવણી કરાશે તેમ મનાઈ રહ્યું છે.

પંચાયત પ્રમુખ શ્રી રામાજી ઠાકોર કારોબારી સમિતિના ચેરમેન તરીકે રહી ચુક્યા હોવાથી વિકાસના કામોને અગ્રતા આપશે પરંતુ સભ્યોને વિકાસ માટે અપાતી ગ્રાન્ટમાં તેઓ કાપ મુકશે તેમ મનાઈ રહ્યું છે. કેન્દ્ર દ્વારા ૧૪મા નાણાં પંચમાં વિકાસના કામો માટે દરેક ગ્રામ પંચાયતને સીધા નાણાં ફાળવવામાં આવ્યા હોવાથી આ દિશામાં પ્રમુખશ્રીએ પોતાનુ વલણ સ્પષ્ટ કર્યું હોવાનું પણ કહેવાઈ રહ્યુ છે જેથી નાણાંકીય જોગવાઈઓ બેવડાય નહિ એટલુ જ નહિ અન્ય ક્ષેત્રોના વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરી શકાય.

● અનુસંધાન પાન-૭ પર



**મીની વેકેશનની સીધી અસર -** ગાંધીનગરમાં છેલ્લા ચાર દિવસથી સરકારી કચેરીઓ અને શાળા-કોલેજો સતત બંધ રહેતા મીની વેકેશનનો માહોલ સર્જાયો હતો... ગાંધીનગરમાં આવન-જાવન કરતા મુસાફરોની સંખ્યામાં ૫૦ ટકાથી વધુ ઘટાડો નોંધાતા બસ સ્ટેન્ડો સુમસામ લાગતા હતા... બજારોમાં પણ ઘરાકીની સીધી અસર વર્તાતી હતી... અને ટ્રાફીક પણ ઓછો અનુભવાતો હતો... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# આજથી ધોરણ-૧૧ સેમેસ્ટર-૨ની પરીક્ષા

**જિલ્લામાંથી ૬૦૬૬ વિદ્યાર્થીઓ હાજરી આપશે**

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આજથી ધોરણ-૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષા લેવાશે.આ પરિક્ષામાં જિલ્લામાંથી ૬૦૬૬ વિદ્યાર્થીઓ હાજરી આપશે. પરિક્ષા દરમિયાન કોઈપણ પ્રકારની ગેરરીતી ન થાય તે માટે દરેક કેન્દ્રો પર સી સી ટી વી કેમેરાની વોચ રહેશે. જિલ્લાના ૨૭ પરિક્ષા સ્થળોએ કાર્યવાહી હાથ ધરાશે.

ગત દિવસોમાં ધોરણ-૧૦ અને ૧૨ ની બોર્ડ પરિક્ષા પુર્ણ થયા બાદ શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષા લેવાશે. પરિક્ષાને અનુલક્ષી શિક્ષણ તંત્ર દ્વારા તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. ધોરણ-૧૧ સેમેસ્ટર ૨ ની પરિક્ષા માટે કુલ ચાર કેન્દ્રો પર ૨૭ પરિક્ષા સ્થળો પર કાર્યવાહી હાથ ધરાશે. ગઈકાલે વિદ્યાર્થીઓ બેઠક વ્યવસ્થા જાણી શકે તે માટે કેન્દ્રો

**૨૬ પરીક્ષા સ્થળો પર પરિક્ષાની કાર્યવાહી હાથ ધરાશે. પરીક્ષા ખંડોમાં સી સી ટી વી કેમેરાની વોચ રહેશે**

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં ૧૦૯ની સામે માત્ર ૨૬ જ ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રો

**કેન્દ્ર પુરસ્કૃત યોજનાના અમલીકરણમાં તંત્રના ઠાગાઠૈયા : રૂ. ૫૧૧.૬૯ લાખનો ખર્ચ ફેબ્રુ. ૧૬ સુધીમાં થઈ ચુક્યો છે**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્ર નિર્માણ કરવાના લક્ષ્યાંકમાં ધીમી ગતિની કામગીરી રાજકીય ચર્ચાનો મુદ્દો બન્યો છે.

૧૦૯ રાજીવગાંધી કેન્દ્રો બનાવવાની વહીવટીય મંજૂરી અપાઈ ગયા પછી અત્યાર સુધીમાં માત્ર ૨૬ કેન્દ્રોનું કામ પૂર્ણ થયું છે અને આ પાછળ રૂ. ૫૧૧.૬૯ લાખનો ખર્ચ થઈ ચુક્યો છે.

મળતી વિગતો પ્રમાણે ૧૯ કામો હાલ પ્રગતિ હેઠળ છે જ્યારે ૬૩ કામો શરૂ થઈ શક્યા નથી. જ્યારે ૧ કામની વહીવટીય મંજૂરી રદ કરવામાં આવી છે. જિલ્લામાં ગ્રામ્ય વિસ્તારોમાં ભારત નિર્માણ રાજીવ ગાંધી કેન્દ્રો બનાવી પંચાયતોને ગ્રામ સચિવાલયમાં તબદીલ કરવાની સાથે પંચાયતની આવકમાં વધારો થાય તેવો હોલ બનાવી ભાડે આપવાની યોજના છે.

જિલ્લામાં કેન્દ્ર પુરસ્કૃત યોજનાની અમલવારીમાં તંત્ર દ્વારા જે ઉદાસીનતા દાખવવામાં આવી રહી છે તેનાથી પંચાયતના વર્તુળોમાં સૌથી ઉગ્ર ચર્ચાનો મુદ્દો બની ઉભરી રહેલ છે. તાજેતરમાં વિજીલન્સ એન્ડ મોનીટરીંગ કમિટીની બેઠકમાં પણ આ મુદ્દે ચર્ચાઓ થઈ હતી.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકામાં ૧૯, કલોલમાં ૫ અને દહેગામમાં ૨ ભારત નિર્માણ રાજીવ ગાંધી સેવા કેન્દ્રોના કામ પૂર્ણ થયા છે. જ્યારે જે વહીવટીય મંજૂરી જે આપવામાં આવી છે તેમાં દહેગામમાં ૧૪, ગાંધીનગરમાં ૧૫, કલોલમાં ૨૦ અને માણસામાં ૬૦ને આ મંજૂરી અપાઈ છે. કલોલમાં ૧ વહીવટીય મંજૂરી રદ કરવામાં આવી છે.

# હોળીનો પવન જોતા મધ્યથી સારા વરસાદની વકી

ગાંધીનગર, તા. ૨૭

હોળી એ ઉનાળાના મુપમાં આવતો તહેવાર છે. સામાન્ય રીતે ધાર્મિક તહેવારો વૈજ્ઞાનિક અભિગમ તેમજ તંદુરસ્તીને અનુલક્ષીને રહેણ-કહેણ વિગેરેના દાર્શનીક પુરાવાઓ છે. જેમ કે હોળીના તહેવારોમાં કફ અંગે કફને દૂર કરવાના ખાદ્ય પદાર્થોને ખાવાનો રીવાજ છે. સાથે સાથે આ તહેવારો નૈસર્ગિક પણ છે. હોળીનો તહેવાર એ ઉનાળાના મુળનો તહેવાર હોઈ હોળી પ્રગટાવા ટાણે પ્રદોષ કાળે સૂર્યાસ્ત પછી પવન કઈ બાજુનો હોય છે તેનું અવલોકન પ્રાચીન વર્ષા વિજ્ઞાનમાં જણાવેલ છે. જો પવન સાનુકૂળ હોય તો મૌસમ પણ સાનુકૂળ રહે અને વરસાદ પવનને અનુસરે છે. સાનુકૂળ વર્ષા ગર્ભ પવન, ગરમી તેમજ સૂર્ય ચંદ્રમાં ખગોળ અવલોકનો સાગરમાં જથ્થાબંધ વરાળ થાય તે અંગેના જોવાના વિવિધ સોપાનો છે.આ વખતની હોળી વસંત સમ્પાદદિને આવતી હોઈ સૂર્ય ઉત્તર ગોળાર્ધમાં આવતા તે પછીના નજીકના દિવસોમાં થતી હોય તેની સવિશેષ અગત્યતા છે. આ વખતે પાલજ, ગાંધીનગર ખાતે હોળીનો પવન સૂર્યાસ્ત પછી હોળીના પ્રાગટ્ય પછી જોતા પવન પશ્ચિમ નૈઋત્યનો જણાયો હતો. આથી વર્ષ સારૂ આવે અને મધ્યમથી સારો વરસાદ આવે તેવા સંકેત કહેવાય. વરસાદ વહેલો આવે રોહિણી મૃગીશીર્ષ નક્ષત્રમાં આવવાની વકી રહે હોળીની ત્રણ માસ દરમ્યાન આંધી પવનનું જોર રહે અને સમુદ્રમાં હળવા દબાણો ઉભા થાય.

# ૨૦૧૯માં જિલ્લામાં તમામ ઘરોમાં શૌચાલયની સુવિધા હશે

ગાંધીનગર, તા. ૨૭

આગામી ૨જી ઓક્ટો. ૨૦૧૯ સુધીમાં ગાંધીનગર જિલ્લામાં તમામ આવાસોમાં શૌચાલયની સુવિધા ઉપલબ્ધ બનશે.

મળતી વિગતો પ્રમાણે બેઝલાઈન સર્વે ૨૦૧૨ પ્રમાણે જિલ્લામાં ૮૮૩૬૭ વ્યક્તિગત શૌચાલયો બાંધવાના બાકી હતા. આજની સ્થિતિએ જિલ્લામાં છેલ્લા ત્રણ વર્ષ દરમ્યાન ૩૬,૮૧૧ વ્યક્તિગત શૌચાલયોનું નિર્માણ કરવામાં આવ્યું છે.

તંત્રના સૂત્રોના જણાવ્યાનુસાર આગામી બે વર્ષમાં ૫૧,૫૫૬થી વધુ વ્યક્તિગત શૌચાલય બનાવવાનું આયોજન છે. આ માટે તંત્રએ મહિલા સંમેલન, સ્વચ્છતા દિવસની ઉજવણી, ગૃપ બેઠકો, ગામ સફાઈ રેલી, પોષ્ટર પ્રદર્શન સહિતના કાર્યક્રમો યોજી લોક-જાગૃતિ અભિયાન છેડવાનો નિર્ણય કર્યો છે.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૨૦૧૩-૧૪માં ૫૨૧૫, ૨૦૧૪-૧૫માં ૧૧,૫૮૪ અને ૨૦૧૫-૧૬માં ૨૦,૦૧૨ શૌચાલયો બનાવવામાં તંત્રને સફળતા મળી છે. આ કામગીરીમાં લોક-જાગૃતિ પર વિશેષ ભાર મુકવા માટે વિજીલન્સ એન્ડ મોનીટરીંગ સેલની બેઠકમાં શ્રી અડવાણીએ પણ અનુરોધ કર્યો હતો.

## બેસણું



**શ્રીમતી શૈલજાબેન સિમ્પી** (ઉંમર વર્ષ-૬૮) તે શ્રી શિવાજી રાવ કે સિમ્પી (નિવૃત્ત ઉપસચિવ)ના ધર્મપત્નીનો તા. ૨૫/૩/૨૦૧૬ના રોજ સ્વર્ગવાસ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૮/૩/૨૦૧૬ને સોમવારે સાંજે ૪ થી ૬ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : કોમ્યુનિટી હોલ (લગ્ન વાડી) સેક્ટર-૨૩, ગાંધીનગર**

**એસ. કે. સિમ્પી**

**સચિન સિમ્પી (પુત્ર)** — **સીમા માલવદે (પુત્રી)**

**ફાલ્ગુનિ સિમ્પી (પુત્રવધુ)** — **રાજેશ માલવદે (જમાઈ)**

## બેસણું



અમારા સુપુત્ર **રાજદિપસિંહ જસવંતસિંહ રહેવર** નું તા. ૨૫-૩-૨૦૧૬ના રોજ આકસ્મિક દુઃખદ અવસાન થયેલ છે. **સદ્દગતનું બેસણું તા.૨૮-૩-૨૦૧૬ને સોમવારના રોજ સવારે ૮:૩૦ થી ૧૧ સુધી** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

**સ્થળ :- પ્લોટ નં. ૧૩૨૮/૧, સેક્ટર-૩/બી, ગાંધીનગર**

જસવંતસિંહ અર્જુનસિંહ રહેવર (Retd. Dy. Ex. Engr.)

વિક્રમસિંહ અર્જુનસિંહ રહેવર (Retd.Dy.S.P.) | બળવંતસિંહ ઈન્દ્રસિંહ રહેવર

મહેન્દ્રસિંહ અર્જુનસિંહ રહેવર (G.N.F.C.) | વિરેન્દ્રસિંહ મુળસિંહ રહેવર

# શહેરમાં 'ગ' અને 'ખ' માર્ગ પર ફુટપાથની બાકી કામગીરી પુર્ણ કરવામાં આવશે

ગાંધીનગર તા ૨૭

શહેરના ગ અને ખ માર્ગ પર ફુટપાથનુ બાકી કામ હાથ ધરવા માટે વિભાગને દરખાસ્ત કરવામાં આવશે ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ ફુટપાથનુ કામ અધુરુ રહી ગયુ હતુ. જયારે આ કામગીરી પુર્ણ કરવા માટે આગામી દિવસોમાં કામ હાથ ધરાશે. શહેરમાં ફુટપાથના ગાબડા પુરવા માટે રીપેરીંગ પણ કરવામાં આવી રહયુ છે.

શહેરના મુખ્ય માર્ગો તેમજ આંતરિક માર્ગો આસપાસ ફુટપાથનુ કામ પુર્ણ કરી દેવામાં આવ્યુ છે. તબક્કાવાર હાથ ધરાયેલી આ કામગીરીના અંતે શહેરના મોટાભાગના વિસ્તારોમાં ફુટપાથની આભા ઉભી કરી દેવામાં આવી છે. મુખ્યમાર્ગો આસપાસ નિર્માણ કરાયેલી ફુટપાથની યોગ્ય જાળવણી તેમજ લોકજાગૃતિના અભાવે વોક વે પર ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. જયારે ફુટપાથની તુટેલી ટાઈલ્સ તેમજ ગાબડા પુરવા માટે તંત્ર દ્વારા સમારકામ હાથ ધરવામાં આવ્યુ છે. હાલ શહેરના મુખ્ય માર્ગો આસપાસ ફુટપાથના રીપેરીંગની કામગીરી પુર્ણ કરી દેવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં સેકટરોના આંતરિક માર્ગો આસપાસની ફુટપાથનુ પણ સમારકામ કરી દેવામાં આવશે. જયારે ફુટપાથના બાકી કામને પુરુ કરવા માટે અગાઉ સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. જયારે સર્વેના અંતે બાકીનુ કામ પણ પુર્ણ કરી દેવામાં આવ્યુ હતુ જયારે ગત વાઈબ્રન્ટ વેળાએ શહેરના ખ તેમજ ગ માર્ગ પર ફુટપાથનુ કામ હાથ ધરવા માટે આયોજન કરવામાં આવ્યુ હતુ જેની પાછળ અંદાજિત રૂ ૧ કરોડનો ખર્ચ થાય તેમ છે. જો કે ગત વાઈબ્રન્ટ વેળાએ આ કામ અધુરુ રહેતા હાલ બાકીનુ કામ પુર્ણ કરવા માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી ટુંકમાં હાથ ધરવામાં આવશે.

**ગત વાઈબ્રન્ટ વેળાએ ફુટપાથનુ કામ બાકી રહયુ હતુ : અંદાજિત ૧ કરોડનો ખર્ચ થશે**

પ્રથમ માસિક પુણ્યતિથિએ

ભાવાંજલિ



સોનલ પંકજકુમાર શુક્લ

મરણ અહિં છો રહ્યું - સ્મરણમાં વહે જીંદગી...

પંકજકુમાર બળવંતરાય શુક્લ

વિધી પ્રિયાંક ત્રિવેદી (દિકરી)

બળવંતરાય જેઠાલાલ શુક્લ પરિવાર

IndusInd Bank

લોન... લોન... લોન...

જુના ટ્રક ૨૦૦૪ પછીના મોડલના જેવા કે ટાટા, અશોક લેલેન્ડ વગેરે ઉપર લોન મેળવો તથા જુના મહિન્દ્રા કેમ્પર, પિકઅપ, આઈશર વગેરે ૨૦૦૮ પછીના મોડલ પર લોન મેળવો...

● વિમાના ૮૫%* સુધી ધિરાણ ● સૌથી ઓછો વ્યાજદર*

● ઝડપી પ્રોસેસ ● સરળ દસ્તાવેજ વિધિ

૨૦૬, ગોલ્ડમાઈન જ્વેલ, ડીમાર્ટની બાજુમાં, સેક્ટર-૨૬, ગાંધીનગર

Mo. : 7043332254 (લોન બેન્કના નિયમને આધિન*)

મંડપ

કેટરીંગ

લાઈટીંગ

ફલાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા

એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Kisan — ashirvad — BENELAVE — DR. FIXIT — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com